પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૨૮   અંક : ૧૫૪   કુલ પાના : ૪   તારીખ : ૨૧-૦૨-૨૦૨૫   શુક્રવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97   9712880678   panchmahalsamachar@gmail.com   panchmahalsamachar   panchmahalsamachar   www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ સોગંદ લીધા : દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી

નવીદિલ્હી,

દિલ્હીમાં ભાજપની સરકારની રચના કરવામાં આવી છે. આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ સોગંદ લીધા હતાં. ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બન્યા છે.શપથ વિધિ સમારંભ રામલીલા મેદાનમાં યોજાયો હતો

સૌ પ્રથમ રેખા ગુપ્તાએ હિન્દીમાં ઈશ્વરના નામે મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં એલજીએ તેમને સોગંદ અપાવ્યા હતાં. સોગંદ લીધા બાદ તેમણે વડાપ્રધાન મોદીને નમન કર્યા હતાં. ત્યારબાદ મંત્રી તરીકે પ્રવેશ સાહેબ સિંહ વર્મા હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં.તેઓ બે વાર સાંસદ રહી ચુકયા છે.તેમણે અરવિંદ કેજરીવાલને નવીદિલ્હીથી પરાજીત કર્યા હતાં.



અત્યાર સુધી તેઓ એકપણ ચુંટણી હાર્યા નથી ત્યારબાદ આશીષ સૂદે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં દિલ્હીમાં તેઓ પંજાબી ચહેરો છે.ત્યારબાદ મનજિંદર સિરસાએ પંજાબીમાં સોગંદ લીધા હતાં ત્યારબાદ રવિન્દ્ર ઈદ્રાજ સિંહે સોગંદ લીધા હતાં તેમણે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં.સોગંદ લીધા બાદ ભારત માતા કીનું સુત્ર લગાવ્યું હતું. ત્યારબાદ કપિલ મિશ્રાએ મંત્રી પદના સોગંદ લીધા હતાં હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મિશ્રાએ આમ આદમી પાર્ટીથી રાજકીય જીવનની શરૂઆત કરી હતી. ૨૦૧૯માં ભાજપમાં સામેલ થયા હતાં તેઓ કરાવલ બેઠકના ધારાસભ્ય છે.કેજરીવાલની સરકારમાં જળ મંત્રી તરીકે કામ કર્યુ હતું.ત્યારબાદ પંકજકુમાર સિંહે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં.તેઓ પહેલીવાર ધારાસભ્ય બન્યા છે.વિકાસપુરી વિધાનસભાના ધારાસભ્ય છે. બિહારના બકતરના નિવાસી છે.સોગંદ વિધી સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથસિંહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા, ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ,ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક અને કેપી મૌર્ય,મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ,નાયબ મુખ્યમંત્રીઓ અજીત પવાર,એકનાથ શિંદે, બિહારના નાયબ મુખ્યમંત્રી વિજયકુમાર સિંહા, રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવા હાજર રહ્યાં હતાં આ ઉપરાંત એનડીએના સાથી પક્ષોના નેતાઓ હાજર રહ્યાં હતાં. આમ આદમી પાર્ટીના કોઇ નેતા સોગંદ વિધિ સમારંભમાં હાજર રહ્યાં ન હતાં જો કે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ હાજર રહ્યાં હતાં. આપના રાજયસભાના સાંસદ સ્વાતી માલીવાલ હાજર રહ્યાં હતાં.સોગંદ લીધા બાદ નવા મંત્રીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોટા પડાવ્યા હતાં અને મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળના સભ્યોએ તમામ વરિષ્ઠ નેતાઓની સાથે મુલાકાત કરી હતી.સોગંદવિધિ પહેલા રાષ્ટ્ર ગીતની ધૂન વગાડવામાં આવી હતી સોગંદવિધિ બાદ પણ રાષ્ટ્ર ગીતની ધૂન વગાડવામાં આવી હતી .વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંચ પર એકનાથ શિંદે સાથે વાતચીત કરી હતી ત્યારબાદ મોદીએ પલન કલ્યાણ સાથે પણ વાતચીત કરી હતી. કલ્યાણે જણાવ્યું હતું કે મારો પરવેશ જોઈને મોદી બોલ્યા હતાં કે શું હિમાલય જઈ રહ્યાં છો

એ યાદ રહે કે દિલ્હીની શાલીમાર બાગ બેઠક પરથી પહેલીવાર ધારાસભ્ય બનેલી રેખા ગુપ્તા મુખ્યમંત્રી બન્યા છે તમામ અટકળોને પાછળ છોડીને ભાજપે મહિલા ચહેરા પર દાવ લગાવ્યો છે અને વૈશ્ય સમુદાયમાંથી આવતી રેખા ગુપ્તાને મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય કર્યો છે. રેખા ગુપ્તાએ દિલ્હી યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે અને કોલેજકાળથી જ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે જોડાયેલી છે. તેમણે દિલ્હી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનમાં અધ્યક્ષ અને સચિવ પદ માટેની ચૂંટણી પણ જીતી હતી. આ સિવાય તે ત્રણ વખત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાઉન્સિલર રહી ચૂકી છે. તેમણે શાલીમાર બાગ બેઠક પરથી આપ ઉમેદવાર બંદના કુમારીને ૩૦ હજાર મતોથી હરાવ્યા છે.

હરિયાણાની જીંદની મુળ રેખા ગુપ્તાનો જન્મ વર્ષ ૧૯૭૪માં જુલાનામાં થયો હતો. પિતાને એસબીઆઈ બેકમાં નોકરી મળ્યા બાદ તેમનો પરિવાર દિલ્હી શિફ્ટ થઈ ગયો હતો. જો કે, તેનો પરિવાર હજુ પણ જુલાનામાં બિઝનેસ કરે છે. દિલ્હીને અડીને આવેલા હરિયાણાની હોવાને કારણે રેખા ગુપ્તા પોતાના ગૃહ રાજયમાં આવતી રહે છે.

ધારાસભ્ય બનતા પહેલા રેખા ગુપ્તાએ ભાજપમાં સંગઠન સ્તરે મહત્વની જવાબદારીઓ પણ નિભાવી હતી. તે ભાજપ મહિલા મોરચાની રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ છે અને દિલ્હી ભાજપમાં મહાસચિવનું પદ સંભાળી રહી છે.ડીયુની દૌલતરામ કોલેજમાંથી અભ્યાસ કરનાર રેખા ગુપ્તા એમ.એ અને એમ.બી.એ ડિગ્રી ધરાવે છે. ખાસ વાત એ છે કે, તે લાંબા સમયથી આરએસએસના સક્રિય સભ્ય છે અને સંઘના કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લે છે.તેઓ ૧૯૯૪-૯૫માં દોલતરામ કોલેજના સેક્રેટરી હતા,૧૯૯૫-૯૬માં દિલ્હી યુનિવર્સિટીમાં સેક્રેટરી તરીકે કામ કર્યું,૧૯૯૬-૯૭માં દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના અધ્યક્ષ હતા,૨૦૦૩-૦૪માં દિલ્હી પ્રદેશ મહિલા મોરચાની સેક્રેટરી હતા,૨૦૦૪-૦૬માં ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય સચિવ હતા.,૨૦૦૭માં પીતમપુરા ઉત્તરમાંથી કાઉન્સિલર તરીકે ચૂંટાયા,૨૦૦૯માં દિલ્હી પ્રદેશ મહિલા મોરચાના મહાસચિવ બન્યા ૨૦૧૦માં ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય તરીકે ચૂંટાયા.

### બજેટમાં રાજ્ય સરકારે ખેડૂતો માટે જાહેરાત

# કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ૩ લાખથી વધારી પાંચ લાખ કરવામાં આવી

## બજેટમાં ખેડૂતોને ટ્રેક્ટર ખરીદીની હાલની સહાયમાં વધારો કરી ૧ લાખ કરવાની જાહેરાત

જગતના તાત એવા અન્નદાતા માટે અમારી સરકાર હંમેશા સંવેદનશીલ રહી છે. ખેડૂતોને રાત્રે ખેતરમાં પાણી વાળવામાં ઝેરી જીવજંતુઓ તેમજ જંગલી પ્રાણીઓનો ભય રહેતો હતો. આ મુશ્કેલીઓ અને રાતના ઉજાગરામાંથી મુકત કરવા અમે દિવસે વીજળી આપવા ''કિસાન સૂર્યોદય યોજના'' અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રાજ્યના ૧૬,૬૮૩ એટલે કે ૯૭% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે. આ યોજનાને વધુ સુદ્રઢ કરવા માટે આ બજેટમાં ૨૧૭૫ કરોડની ફાળવણી કરું છું. સરદાર સરોવર બંધનું કામ પૂર્ણ થયા બાદ કેનાલ હેઠળના કામો પૂર્ણતાના આરે છે. સરદાર સરોવર યોજનાની ૧૮ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા સામે ૧૭.૨૨ લાખ હેક્ટર સિંચાઇ વિસ્તાર વિકસિત થયેલ છે. બાકી રહેતા નહેરોના નેટવર્કના કામો પ્રગતિ હેઠળ છે. કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ૩ લાખથી વધારી ૫ લાખ કરવામાં આવેલ છે. જેનો પૂર્ણ પણે અમલ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત ૪% વ્યાજ રાહત આપવા માટે ૧૨૫૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ લોન દર વર્ષે ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓને મળતાં તેઓ પોતાની પ્રવૃત્તિ સમયસર કરી શકે છે. રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાને પ્રાથમિકતા આપેલી છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવાન બનાવવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૦૦ કરોડથી વધુની જોગવાઈ સૂચવું છું.કૃષિ ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધારવા માટે અમારી સરકાર કૃષિ-યાંત્રિકીકરણને મહત્વ આપે છે. આ બજેટમાં ખેડૂતોને ટ્રેક્ટર ખરીદીની હાલની સહાયમાં વધારો કરી ૧ લાખ કરવાની જાહેરાત કરું છું. આ ઉપરાંત ખેડૂતોને વિવિધ ખેતઓજારો, મીની ટ્રેક્ટર, ખાતર અને અન્ય ઉપકરણો માટે સહાય આપવા ૧૬૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવે છે. ઊભા પાકને વન્ય પ્રાણીઓથી રક્ષણ માટે ખેતરની ફરતે ફેન્સીંગ બનાવવા માટે ૫૦૦ કરોડની જોગવાઈ સૂચવું છું. કૃષિ ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા એગ્રો પ્રોસેસીંગ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન માટે ૧૦૦ કરોડની જોગવાઈ સૂચવું છું.ગ્રામ્ય વિસ્તારોમાં વ્યવસાયની તકો અને આવક વધારવા અમે ખેતીની સાથે સાથે મત્સ્યઉદ્યોગ અને પશુપાલન ઉપર પણ એટલો જ ભાર મૂકી રહ્યાં છીએ. મત્સ્ય ઉત્પાદનમાં વૃદ્ધિ અને રોજગારી સર્જન માટે આ બજેટમાં ૧૬૨૨ કરોડના પેકેજની જોગવાઈ કરવામાં આવી છે. જે થકી અંદાજે કુલ ૨૭ હજાર યાંત્રિક-બિનયાંત્રિક બોટ અને ૨ લાખ જેટલા માછીમારોને વિવિધ યોજનાઓના લાભ મળશે. જેમાં મુખ્યત્વે માછીમારી માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસીંગ અને નિકાસ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. મત્સ્ય ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. આથી ખેતીની જમીન પર મત્સ્ય ઉછેર કરવો હોય તેને બિન ખેતીની મંજૂરી લેવી નહીં પડે તેવી નીતિ બનાવવામાં આવશે. ''સહકારથી સમૃદ્ધિ'' તરફ આગળ વધવા પ્રાથમિક વિષયક સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપી આર્થિક રીતે સક્ષમ બનાવવા જોગવાઇ કરવામાં આવી છે. જેનો લાભ ૧ લાખથી વધુ ખેડૂત સભાસદોને મળશે.પશુપાલનથી દૂધ ઉત્પાદન દ્વારા લાખો ખેડૂત પરિવારોને પૂરક આવક થઈ રહેલ છે. ગીર ગાય આપણા રાજ્યનું ગૌરવ અને આગવી ઓળખ છે. જેના સંવર્ધન, સંરક્ષણ અને આનુવાંશિક ઓલાદ સુધારણા માટે પોરબંદરના ધરમપુર ખાતે વિવિધ અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવશે.ગુજરાત શ્વેત ક્રાંતિની જન્મ ભૂમિ છે. પશુપાલન અને ડેરી ઉદ્યોગ થકી આજે રાજ્યની ૧૧ લાખથી વધુ મહિલા પશુપાલકો સ્વ-રોજગારી મેળવવા ઉપરાંત રાજ્યની પ્રગતિમાં યોગદાન આપી રહેલ છે.

# જૂનાગઢના ભવનાથ તિર્થ ક્ષેત્રમાં ૨૬ ફેબ્રુઆરીથી શિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે

જૂનાગઢ ,

ભગવાન ભોળાનાથની ભક્તિનું પ્રતિક અને ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ એવા ભવનાથમાં શિવરાત્રિની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આગામી ૨૩ તારીખથી શિવરાત્રિ સુધી લાખો ભક્તોનો જમાવડો જૂનાગઢના ભવનાથમાં થવાનો છે. ત્યારે જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા ભવનાથમાં શિવરાત્રિની વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. જૂનાગઢના ભવનાથનો શિવરાત્રિનો મેળો લઘુ કુંભ તરીકે ઓળખાય છે. જ્યાં રવેડી યોજી અને મૃગી કુંડમાં નાગા સાધુઓના સ્નાનના દર્શન માટે અને ભવનાથના દર્શને લાખો શ્રદ્ધાળુઓ આવે છે. એટલે જ કહેવાય છે કે ભવનાથમાં દર વર્ષે શિવરાત્રિનો લઘુ કુંભ, દર ચાર વર્ષે કુંભ અને દર બાર વર્ષે મહા કુંભ ઉજવાય છે.

શિવરાત્રિની તૈયારીઓ અંગે જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર ડો. ઓમ પ્રકાશએ વાતચીતમાં જણાવ્યું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ શિવરાત્રિની ઉજવણીની તૈયારીઓ કરી છે. ભવનાથને જોડતા તમામ રસ્તાઓનું સમારકામ કરી દેવાયુંછે. ભવનાથમાં લાખોની સંખ્યામાં ભક્તોની ભીડ ઉમટવાની છે જેથી ભવનાથમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. શ્રદ્ધાળુઓને પણ અપીલ કરવામાં આવી છે કે પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે. દરેક ચેક પોસ્ટ પર પણ પ્લાસ્ટિકના ઉપયોગને લઈને ચેકિંગ કરવામાં આવશે. મેળામાંઆવનારા ભક્તોમાટેપાણીની પુરતી વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત ભક્તોના આરોગ્યને ધ્યાનમાં રાખીને ૧૦ આરોગ્ય કેન્દ્ર અને ૧ આઈસીયુની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત દામોદર કુંડમાં તરવૈયાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તો ભવનાથના મેનેજર અતુલ દવેએ જણાવ્યું કે શિવરાત્રિએ મૃગીકુંડમાં નાગા સાધુઓનું સ્નાન રાત્રે બાર વાગે થશે. જેથી કુંડની સફાઈ શરૂ કરી દેવાઈ છે. મંદિરમાં ચાર પ્રહરની પૂજા થશે. અલગ અલગ અખાડાના નાગા સાધુઓ સ્નાન માટે આવશે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આવે છે જેથી મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યું છે.




# મહીસાગર જીલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા તા. ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી બી.પી. (બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર) રોગોની તપાસ માટેની મેગા ડ્રાઈવનું આયોજન

**જીલ્લામાં ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ આશરે ૫,૪૮,૯૬૬ નાગરિકો માટે આરોગ્ય ટીમ ઘરે ઘરે મુલાકાત લઈને તપાસ, નિદાન કરશે**
**મેગા ડ્રાઈવનો મહત્તમ લાભ લેવા મહીસાગર જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થએ અપીલ કરી.**



મહીસાગર, નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનીકેબલ ડીસીઝ (NP-NCD) અંર્તગત મહીસાગર જીલ્લાના લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી બી.પી.(બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર)ની નોંધણી માટેની મેગા ડ્રાઇવ યોજાઇ રહેલ છે.

આ ઝુંબેશમાં નાગરિકોને આરોગ્ય તપાસ કરાવવાની અપીલ કરતા મહીસાગર જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થે જણાવ્યું હતું કે, ૩૦ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિએ નજીકના આયુષ્યમાન આરોગ્ય મંદિર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને જીલ્લા હોસ્પિટલની મુલાકાત લઈ ડાયાબિટીસ અને હાયપરટેન્શનની તપાસ અચૂક કરાવવી જોઇએ. બી.પી.(બ્લડ પ્રેશર), ડાયાબીટીસ (સુગર)ની દવા સામાન્ય રીતે રોજે રોજ લેવી પડે એવી હોય છે. જો આ બન્ને રોગમાં દવા નિયમીત લેવામાં ન આવે તો મગજ, હૃદય, કિડની, લીવર, ફેફસા, આંતરડા જેવા ખૂબ જ અગત્યના અંગોને ગંભીર નુકશાન થાય છે.જેના કારણે જીવનભરની અપંગતા આવે અને મૃત્યુ પણ થઈ શકે છે. આથી સરકાર દ્વારા બન્ને રોગોની દવા નિરંતર તમને નિશુલ્ક પુરી પાડી શકે તે માટે અચુક નોંધણી કરાવો.

૩૦ વર્ષ કે તેથી વધુ વયના તમામ લોકોએ આરોગ્ય કાર્યકર પાસે પોતાનું બી.પી.(બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર) વર્ષમાં ૨ વાર અચુક તપાસ કરાવવી જોઈએ. જે તમે નજીકના કોઈપણ આરોગ્ય કેન્દ્ર/સરકારી દવાખાને તમે નિઃશુલ્ક કરાવી શકો છો એ નાગરિકોનો અધિકાર છે.

અત્રે નોંધનીય છે કે, મહીસાગર જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ આશરે ૫,૪૮,૯૬૬ ના નાગરિકો માટે આરોગ્ય ટીમ ઘરે ઘરે મુલાકાત લઈને તપાસ, નિદાન કરશે અને શોધાયેલ દર્દીઓને સારવાર હેઠળ મુકવામાં આવશે.

# છોટાઉદેપુર પાલિકામાં સત્તા માટે તમામ પક્ષોનો પનો ટૂંકો

છોટાઉદેપુર, છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણી બાદ જાહેર થયેલા પરિણામો પછી સત્તા માટે તડજોડની નિતી ચાલુ કરી દેવાઇ છે. ભાજપની આઠ બેઠકો સાથે મોટો પક્ષ છે. પરંતુ બહુમતી માટે ભાજપને વધુ ૭ બેઠકોની જરૂર છે. જેના માટે પ્રથમ વખત ઉભા રહેલા સમાજવાદી પાર્ટીના છ સભ્યો અને અપક્ષનો સાથ મળે તો ભાજપનું બોર્ડ બની શકે તેમ છે. જોકે, હાલમાં તો સમજોતા એકસપ્રેસ ચલાવવા માટે તમામ પક્ષો પોતાની તાકાત કામે લગાડી દીધી છે. છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણીમાં હારેલા કેટલાક ઉમેદવારો અને પાર્ટી તરફથી વહીવટી તંત્ર અને ખાસ કરીને પોલીસ તંત્ર દ્વારા વ્યાપક હસ્તક્ષેપનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે. છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ૨૦ માંથી આઠ સભ્યો ચૂંટાઈ આવ્યા છે. જ્યારે ૪ સભ્યો ૫૦ કરતા પણ ઓછા મતોના માર્જિનથી ચૂંટણી હારી ગયા છે. બસપાપાના ૧૬ માંથી ચાર સભ્ય ચૂંટાઈ આવ્યા છે. ૧ કોંગ્રેસ, ૬ સમાજવાદી પાર્ટી તથા ૯ અન્ય સભ્ય ચૂંટાઈ આવેલ છે. નગરપાલિકાની ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બને નહીં એ બાબતને દયાનમાં રાખીને સખત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. હારી ગયેલા કેટલાક પાર્ટીના ઉમેદવારો વહિવટી પોલીસ તંત્રે ભાજપને મદદ કર્યાનો આક્ષેપ કરતાં છોટાઉદેપુર શહેર ભાજપના મહામંત્રી મુકેશભાઈ રાઠવા એ જણાવ્યું હતું કે, ચૂંટણી જીતી નહીં શકતા અને હાર પચાવી નહી શકતા લોકો વાહિયાત આક્ષેપો કરી રહ્યા છે એ વ્યવહારિક નથી. આ આક્ષેપો અને પ્રતિ આક્ષેપો વચ્ચે છોટાઉદેપુર ની જનતા અને રાજકીય પંડિતો બોર્ડ કોનું અને કોના સમર્થનથી બનશેની અટકળો લગાવી રહ્યા છે. ભાજપના પ્રમુખ ઉપેન્દ્ર રાઠવા ભાજપનું બોર્ડ બને એના પુરા પ્રયત્નો કરી રહ્યા છે અને અપક્ષ તથા અન્ય પાર્ટીના સભ્યોનો ટેકો મેળવવા પ્રયત્નશીલ છે. સામે પક્ષે અન્ય પાર્ટી પણ સામ-દામ-દંડ ભેદ કરીને રાજકીય અફવાઓ ફેલાવીને કોઈપણ રીતે ભાજપને નુકસાન પહોંચાડવા માથામણ કરી રહ્યા છે.

છોટાઉદેપુર પાલિકામાં ભાજપનું બોર્ડ ૧૦૦% ટકા બનશે. છોટાઉદેપુર નગરમાં ૧૯૯૬ બાદ નગરપાલિકામાં ભાજપનું બોર્ડ બનશે. ભાજપને સર્વે પાર્ટીઓ કરતાં વધુ બેઠક મળી છે. જ્યારે અપક્ષ તથા અન્ય પાર્ટીઓના જીતેલા ઉમેદવારો સાથે હાલ ચર્ચાઓ ચાલી રહી છે અને તેમના ટેકાથી ભાજપનું બોર્ડ બનશે, તેમાં કોઈ બેમત નથી. આવનારા દિવસોમાં પાર્ટીની મીટિંગ બાદ નગરપાલિકામાં ભાજપનું બોર્ડ બનાવવા માટેની કાર્યવાહી શરૂ કરાશેઈ

# શિહોદમાં રૂ.૪ કરોડના ખર્ચે નવું ડાયવર્ઝન કાર્યરત : છ મહિના બાદ વાહનવ્યવહાર શરૂ, ૩૨ કિલોમીટરના ફેરાથી મુક્તિ



છોટાઉદેપુર, છોટાઉદેપુર જીલ્લાના નેશનલ હાઈવે ૫૬ પર શિહોદ પાસે આવેલ ભારજ નદી પરનું ડાયવર્ઝન ફરી કાર્યરત થયું છે. જુલાઈ ૨૦૨૩માં પુલ બેસી જતાં વાહનવ્યવહાર બંધ કરાયો હતો. તંત્ર દ્વારા રૂ.૨.૩૧ કરોડના ખર્ચે ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું.ઓગસ્ટ મહિનામાં ભારજ નદી પરનો પુલ તૂટીને બે ભાગમાં વિભાજીત થઈ ગયો હતો. સુખી ડેમ માંથી પાણી છોડવામાં આવતા રૂ.૨.૩૧ કરોડના ખર્ચે બનાવાયેલું ડાયવર્ઝન પણ તણાઈ ગયું હતું. દિવાળી બાદ તંત્રએ રૂ.૪ કરોડના ખર્ચે નવું ડાયવર્ઝન બનાવવાનું કામ શરૂ કર્યું. આજથી આ નવું ડાયવર્ઝન કાર્યરત થઈ ગયું છે. હાલ માત્ર હળવા વાહનોની અવરજવર શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં ભારે વાહનોને પણ પસાર થવાની મંજૂરી આપવામાં આવશે. નવા ડાયવર્ઝનના કારણે રાહદારીઓને ૩૨ કિલોમીટર લાંબા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવામાંથી મુક્તિ મળી છે. આ સુવિધાથી સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ઝાલોદ નગરપાલિકા ભાજપ પૂર્ણ બહુમતી થી જીતતા જીતેલ ઉમેદવારો ભૂગર્ભમાં

ઝાલોદ, ઝાલોદ નગરપાલિકામા ભાજપને પૂર્ણ બહુમતી મળેલ છે. સત્તા મેળવવા તેમજ પ્રમુખ બનવા માટે નગરમાં અલગ અલગ નામોની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. પ્રમુખ બનવાના કાવાદાવા કરનાર ઉમેદવારો તેમજ અમુક અપક્ષના ઉમેદવારો હાલ કોઈ અજ્ઞાત સ્થળે જતા રહેલ છે. ભાજપની પૂર્ણ બહુમતી હોવા છતાંય અલગ અલગ વોર્ડ વિસ્તાર માંથી જીતેલા ઉમેદવારો સાથે પ્રમુખ બનવા માટે ઉમેદવારો સંપર્ક કરી જીતેલા ઉમેદવારોને મનાવી રહેલ છે. પ્રમુખ બનવાની હોડમા હાલ નગરજનોમા ચાલતી ચર્ચા મુજબ બે થી ત્રણ જણા કાવાદાવા કરી રહેલ છે. ભાજપ મોવડી મંડળ પણ હાલ ઉમેદવારો સાથે ખાનગી રાહે મીટિંગ કરી એક વ્યક્તિને સર્વ સંમતિ થી પ્રમુખ બનાવવા મથામણ કરી રહેલ છે. પણ હાલ નગરમાં રોજ નવી નવી વાતો અને અફવાઓએ પણ જોર પકડયું છે કે, મોવડી મંડળની વાતો માન્યા વગર અપક્ષના સહારે જો સત્તા રચાશે તો ભવિષ્યમાં ભાજપ પર કોઈ મતદાતાઓ વિશ્વાસ નહીં કરે. ઝાલોદ નગરમાં આસરે બે દાયકા બાદ ભાજપને પૂર્ણ બહુમતી પ્રથમવાર મળેલ છે જો ફરીવાર અપક્ષના સહકારથી જો ભાજપ નગરપાલિકામા રાજ કરશે તો નગરના મતદારોનો વિશ્વાસ ભાજપ પર થી ઉઠી જશે અને મતદારો સાથે જો વિશ્વાસઘાત થશે ફરી ભાજપ કે નગરની નેતાગીરી પર કોઈ પણ મતદાતા વિશ્વાસ નહીં કરે. ભાજપની પૂર્ણ બહુમતી હોવા છતાંય જો અપક્ષ ઉમેદવારોનો સહકાર લેશે તો નગરનું ભાજપનુ સંગઠન તૂટી જશે. હાલ જો અને તો પર વાત અટવાયેલ છે અને આવનાર નગરપાલિકાનું બોર્ડ કેવું બેસસે તેના પર નગરજનો નજર રાખી રહેલ છે. આ વિષયને લઈ હાલ નગરમાં ચારેકોર અલગ અલગ ચર્ચાઓએ જોર પકડેલ છે.

# ઝાલોદ પાલિકા ચુંટણી બાદ ભાજપમાં પ્રમુખ પદ માટે દાવેદાર ગોડ ફાધરના શરણે

દાહોદ, દાહોદ જીલ્લાના ઝાલોદ પાલિકામાં ભાજપે ૨૭ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા. જેમાં ભાજપને બહુમતી સાથે ૨૭માંથી ૧૭ બેઠકો મળી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ અને આપ પાર્ટીના સુફડા સાફ થઈ ગયા હતા. પાલિકામાં ચૂંટણી પરિણામ બાદ હવે પ્રમુખો બનાવવાનો સળવળાટ શરૂ થતાં પાલિકાનો રાજકીય માહોલ ગરમાયો હતો. ઝાલોદ પાલિકામાં કોઈ પણ કેટગરીની સ્ત્રી પ્રમુખ પદનું રોસ્ટર છે. જેથી પાલિકાના પ્રમુખ બનવા માટે મહિલા દાવેદારો પોતાના ગોડ ફાધર શરણે પહોંચ્યા હોવાનું જાણવા મળેલ છે.

ભાજપના કેટલાક અને અપક્ષના ઉમેદવારો પણ પ્રમુખ પદના ગરમાવાના માહોલમાં એકાએક ભૂગર્ભમાં ઉતરી જતા રાજકીય ખળભળાટ મચી ગયો હતો. ઝાલોદ પાલિકામાં પ્રમુખની રેસમાં ભાજપના ખુશબબેન વસૈયા, સોનલબેન ડીંડોડ, પારૂલબેન હાંડા અને ભાવનાબેન ડામોર પ્રબળ દાવેદાર હોવાનું જોવા મળ્યું છે. તેમ છતાં ભાજપ સરપ્રાઈઝ ચેહરો બહાર પાડી શકે છે. ઝાલોદ પાલિકાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ આપવા માટેની જવાબદારી પંકજભાઈ અગ્રવાલને સોંપવામાં આવી હતી. જેમાં તેમના માર્ગદર્શનમાં ભરત માળી અને પ્રમુખ મયુર પંચાલ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવતા ભાજપનો ગઢ જળવાયો હતો. ઝાલોદ નગરપાલિકાના નવા પ્રમુખના ચહેરા માટે ઝાલોદ નગરના પ્રજાજનો આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે. નવા પ્રમુખના નામની ઝાલોદ નગરમાં અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. ત્યારે પ્રદેશ ભાજપા અને જીલ્લા ભાજપા દ્વારા કોઈ નવા ચહેરાનું નામ પ્રમુખ પદ માટે જાહેર કરે તો નવાઈ પામવા જેવું નહીં રહે. કારણ કે, ભાજપા દ્વારા આ માસ્ટર સ્ટ્રોક રહેતો આવ્યો છે કે, ચર્ચાઓમાં સામેલ નામોના સ્થાને કોઈ અન્ય નામોનીજ ઘોષણા કરી દેવામાં આવતાં સૌ કોઈ અંતે આશ્ચર્ય સાથે ચોંકી જતાં હોય છે. તેવુંજ લગભગ હવે ઝાલોદ નગરપાલિકામાં થશે, તેવી અનેક ચર્ચાઓએ ઝાલોદનગરજનોમાં જોર પકડ્યું છે.

# મહીસાગર ખાતે વિશ્વ માતૃભાષા દિવસે કવિ સંમેલન યોજાશે

લુણાવાડા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહાની પ્રેરણાથી અને મહીસાગર સાહિત્ય સભા જે.સી.આઈ. લુણાવાડા તથા આદર્શ વિદ્યાલય, લુણાવાડાના સંયુકત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસ ૨૦૨૫ અન્વયે માતૃભાષા સપ્તાહ ઉજવણી નિમિત્તે તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ સાંજે ૮:૦૦ કલાકે લુણાવાડાના જે.સી.આઈ.હોલ ખાતે એક ભવ્ય કવિસંમેલન યોજાશે. આ કાર્યક્રમનું સંયોજન મહિસાગર સાહિત્ય સભા, લુણાવાડાના નરેન્દ્ર જોષી અને પુરી ટીમ કરી રહેલ છે. આ કવિસંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે પદ્મ ડો.પ્રવીણ દરજી અને અતિથિ વિશેષ તરીકે ક્રીના ડી.સોની (જે.સી.આઈ.ના પ્રેસિડેન્ટ), નગરપાલિકા પ્રમુખ ઋષિરાજ કે.પંડ્યા હાજર રહશે કવિઓ સર્વ હરીશ મીનાશ્રુ, કાનજી પટેલ, મહેન્દ્ર પરમાર ‘ફોરમ’, અને કવિયત્રી દેવાંગી ભટ્ટ, જીબીશા પરમાર ‘શમાં’, ઝલક પટેલ જેવા પ્રખ્યાત કવિઓ પોતાનું કાવ્યપઠન કરીને માતૃભાષાના મહત્વને ઉજાગર કરશે અને ભાષાના સંરક્ષણ માટે લોકજાગૃતિ લાવશે. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા ગઝલકાર ડો ઝલક પટેલ કરશે. ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ, સંયોજક નરેન્દ્ર જોષી, જે.સી.આઈ. અને આદર્શ વિદ્યાલય લુણાવાડાના ટીમ દ્વારા આ અનોખા પ્રસંગે કવિ સંમેલનનો લાભ લેવા માટે ઉપસ્થિત રહેવા માટે પ્રજાજનોને આહ્વાન કરવામાં આવ્યું છે.

# દાહોદ સ્ટાફ નર્સની ભરતીમાં ગેરરીતિ બાબતે ભીલ પ્રદેશ વિદ્યાર્થીઓએ મામલતદારને આવેદન આપ્યું

દાહોદ, સ્ટાફ નર્સની ભરતીમાં ગેરરીતિ જણાતા ભીલ પ્રદેશ વિદ્યાર્થીઓએ આ મામલે ઝાલોદ મામલતદારને આવેદનપત્ર આપી ભરતી રદ કરી ફરી સ્ટાફ નર્સની ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

ભીલ પ્રદેશ વિદ્યાર્થીઓ દ્વારા ઝાલોદના મામલતદારને આપવાાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, તારીખ ૦૯-૦૨-૨૦૨૫ ના રોજ ગુજરાત સરકારના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલ સ્ટાફ નર્સની થયેલ પરીક્ષાની ગેરરીતિ માટે તપાસ માટે મૌખિક રીતે દ્યાન દોરવા જણાવેલ હતું. સ્ટાફ નર્સની પરીક્ષા માટે તનતોડ મહેનત કરી આસરે ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ખર્ચે ગયેલ હતા પરંતુ આ પરીક્ષા લેવાની જવાબદારી જીટીયુ (સરકારી એજન્સી) દ્વારા ગેરરીતિ આચરવામાં આવેલ છે. આ પરીક્ષા આપતા સમયે પરીક્ષા પેપરમા બારકોડનો અભાવ, ઘણા વિદ્યાર્થીઓ સ્માર્ટ વોચ તેમજ મોબાઈલ લઈને બેસેલ હતા, જે ગંભીર બેદરકારી છે. વધુમાં નર્સીંગ સ્ટાફમા ગુજરાત સરકારમાં નોકરી કરતા વનરાજ ચૌહાણ દ્વારા વોટ્સઅપ ગ્રૂપમાં ખુલ્લેઆમ પોતે પેપર કાઢયું તેવું કહેતા હતા. ગુજરાતના મહેનતુ વિદ્યાર્થીઓને અન્યાય થયેલ હોવાથી આવા નર્સીંગ સ્ટાફમા ફરજ બજાવતા કડક કાયદાકીય તપાસ કરવા માંગ કરવામાં આવી છે, તેમજ વધુમાં આ અંગે સીઆઈડી ક્રાઇમ દ્વારા તપાસ કરાય તેમાટે ભીલ પ્રદેશ વિદ્યાર્થી મોર્ચા દ્વારા મામલતદાર કચેરી એ આવેદન પત્ર આપી તટસ્થતા થી ન્યાયની દિશામાં તપાસ થાય તે માટે માંગ કરવામાં આવી છે.




**બીઆરસી ભવન લીમખેડા દ્વારા લીમખેડા તાલુકાની શ્રી રામ વિદ્યામંદિર દાભડા માધ્યમિક શાળા ખાતે જીલ્લા રોજગાર કચેરીના હિરલબેન સેલોત તથા બીઆરસી ભવનના બ્લોક ARVE કમલેશભાઈ દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને કેરિયર કાઉન્સિલિંગ અને ગાઈડલાઈન અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું.**

# ગરબાડાના સીમળીયા બુઝર્ગ ગામે ગૌવંશનું કત્તલ કરી લઈ જવાતા ગૌમાંસના જથ્થા સાથે ૬ ઈસમોને ઝડપ્યા

દાહોદ, દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના સીમળીયા બુઝર્ગ ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં ૦૬ જેટલા ઈસમોએ પોતાના ખાવાના ઈરાદે તેમજ વેચાણ કરવાના ઈરાદે ગૌવંશની હત્યા કરતાં આ અંગેની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરતાં ઉપરોક્ત હકીકત સામે આવી હતી. આ મામલે પોલીસે ૦૬ ઈસમોની અટકાયત કરી સ્થળ પરથી ગૌમાંસનો રૂા.૨૫,૦૦૦નો જથ્થો, એક મોબાઈલ તેમજ એક મોટરસાઈકલ મળી પોલીસે કુલ રૂા.૭૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ ગરબાડાના સીમલીયા બુઝર્ગ ગામે રહેતાં જવસીંગભાઈ સેનાભાઈ પરમાર, અનુભાઈ રામાભાઈ પરમાર, કાનજીભાઈ વજીયાભાઈ પરમાર, બદીયાભાઈ મંગળાભાઈ પરમાર, પ્રેમલાભાઈ મોગજીભાઈ પરમાર અને વનરાજભાઈ માજુભાઈ પરમારનાઓએ એકસંપ થઈ પોતાના ખાવાના ઈરાદે તથા માંસ વેચાણ કરી પોતાનો આર્થિક લાભ મેળવવાના ઈરાદે ગૌવંશનું કતલ કરી આશરે ૨૫૦ કિલોગ્રામ કિંમત રૂા.૨૫,૦૦૦૦નો જથ્થો એકત્ર કર્યો હોવાની બાતમીમાં સ્થાનીક પોલીસને મળતાં પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે ઉપરોક્ત ૦૬ ઈસમોની અટકાયત કરી સ્થળ પર ઉપરથી ઉપરોક્ત ગૌમાંસનો જથ્થો કબજે કરી તેમજ ગૌવંશના કતલમાં વપરાતા ઓજારો પણ કબજે કરી એક મોબાઈલ ફોન તેમજ એક મોટરસાઈકલ મળી પોલીસે કુલ રૂા.૭૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સંબંધે ગરબાડા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે,

વૃષભ: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુન: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. આજે તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થશે.

મકર: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

કુંભ: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

મીન: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ધસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.


### જાહેર નોટીસ

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા,તા.શહેરા.

: અરજદાર :
અન્સારી મોહસીન મહંમદ,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુદ્ધ

: સામાવાળા:
જન્મ-મરણ સબ,રજીસ્ટારશ્રી, નગરપાલીકા શહેરા,તા. શહેરા,જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારના દાદા નામે અન્સારી સોલબખાં હયાતખાંનો તા.૦૧/૦૪/૧૯૭૦ તથા દાદી નામે અન્સારી જેતુનબીબી સોલબખાંનો તા.૦૫/૦૯/૧૯૯૨ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે દાદા/દાદીના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૭૪/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકસર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવી. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચૂક નોંધ લેશો.આજ તા.૨૦-૦૨-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા



### જાહેર નોટીસ

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા,તા.શહેરા.

: અરજદાર :
પટેલ ગુલાબસિંહ દલાભાઈ, રહે.નાંદરવા, તા. શહેરા, જી.પંચમહાલ

વિરુદ્ધ

: સામાવાળા :
તલાટી કમ મંત્રીશ્રી, નાંદરવા, તા.શહેરા,જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્રી નામે બારીઆ ગીતાબેન ગુલાબસિંહનું તા.૧૩/૦૬/૧૯૮૨ ના રોજ મોજે.નાંદરવા, તા. શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શસ્તચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૧/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે, જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વિધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૨૦-૦૨-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા



### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
એપ્રેન્ટીસ ભરતી માટેની જાહેરાત સને ૨૦૨૫-૨૬

પંચમહાલ જીલ્લાની ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની વર્તુળ /વિભાગીય/ પેટા વિભાગીય કચેરીઓ માટે એપ્રેન્ટીસ અધિનિયમ- ૧૯૬૧ ની જોગવાઇ અનુસાર એપ્રેન્ટીસ ( ૨૦૨૫-૨૬ ) ભરતીની કાર્યવાહી કરવામાં આવનાર છે, જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં | એપ્રેન્ટીસનો સંવર્ગ | માસિક સ્ટાઈપેન્ડ |
|---|---|---|
| ૧ | બી.ઈ. એન્જીનીયર (સિવિલ) | રૂ. ૧૫૦૦૦/- |
| ૨ | અન્ય ગ્રેજ્યુએટ | રૂ. ૧૫૦૦૦/- |
| ૩ | ડિપ્લોમા એન્જીનીયર ( સિવિલ) | રૂ.૧૨૦૦૦ |

ઉપરોક્ત લાયકાત ધરાવનાર ઉમેદવારે એપ્રેન્ટીસશીપ હેઠળ તાલીમમાં જોડાવા SKILL INDIA/ MSDE અથવા MHRD માં રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે. તેમજ નીચે મુજબની વિગતે જરૂરી દસ્તાવેજો સાથે ઈન્ટરવ્યુમાં હાજર રહેવાનું રહેશે.

| | |
|---|---|
| ઈન્ટરવ્યુનું સ્થળ : | કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, પાંજરાપોળ રોડ, ગોધરા - ૩૮૯૦૦૧ |
| ઈન્ટરવ્યુની તારીખ: | ૨૫/૦૨/૨૦૨૫ |
| ઈન્ટરવ્યુનો સમય : | સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૩.૦૦ સુધી. |

ઉપરોક્ત ઉમેદવારોને લેવા કે ન લેવા તે બાબતે સત્તા ધરાવતા અધિકારીને અબાધિત રહેશે. પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની હેલ્પલાઇન નંબર ૧૯૧૬ નો સંપર્ક કરવા અનુરોધ છે.

# વિઝન વિકસિત ગુજરાતનું મિશન જનકલ્યાણનું



**ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ**

## ₹3 લાખ 70 હજાર 250 કરોડ

રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**

જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઈ સ્પીડ કોરિડોર વિકસાવાશે**

નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔધોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ  એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**

માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની** સ્થાપના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્ત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે.  સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

"આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@ 2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે."

**શ્રી કનુભાઇ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**

# શહેરા તાલુકાના "નલ સે નલ" યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે અલગ અલગ ગામોની મહિલાઓ જીલ્લા કલેકટર કચેરી આવી આવેદન આપી તપાસની માંગ કરી





શહેરા,

શહેરા તાલુકાની મહિલાઓ ગોધરા જીલ્લા કલેકટર કચેરી ખાતે આવી હતી. તાલુકામાં "નલ સે જલ" વાસ્મો વિભાગ દ્વારા કરવામાં આવી હતી. આ "નલ સે જલ" યોજનામાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયેલ છે. તેમજ આ યોજનામાં કામો પૂર્ણ કરેલ ન હોય તેમ છતાં ૮૦ ટકા જેટલી રકમ કોન્ટ્રાકટરોનુ ચુકવી દેવામાં આવી હોવાની રજુઆત સાથે જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

શહેરા તાલુકા પછાત અંતરીયાળ અને ડુંગરાળ વિસ્તાર અને ઉંચો ઢોળાવવાળો વિસ્તાર હોય આ ડુંગરાળ વિસ્તારમાં પાણીના સ્તર ઉંડા હોવાના કારણે પાણીની માટે મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. શહેરા તાલુકાના અલગ-અલગ ગામોમાં બે વર્ષ અગાઉ "નલ સે જલ" યોજના વાસ્મો દ્વારા "નલ સે જલ"ની કામગીરી કરેલ હતી. આ યોજનામાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો મહિલાઓએ આક્ષેપ કર્યો હતો. શહેરા તાલુકાના ગામોમાં "નલ સે જલ"યોજનાના કોન્ટ્રાકટરોને અધિકારીઓના મેળાપીપણામાં ૮૦ ટકા ઉપરની રકમ કોન્ટ્રાકટરોનું ચુકવી દેવામાં આવી છે. શહેરા તાલુકાના ગામોને "નલ સે જલ"યોજના અંતર્ગત પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં આવતી નથી. નળમાં પાણી આવતું હોવાનું બતાવી ફોટા પાડવામાં આવેલ છે. તે ફોટા પણ ડુપ્લીકેટ છે. હાલમાં શહેરા તાલુકાના લોકો પીવાનું પાણી હેન્ડપંપથી મેળવે છે. સરકાર દ્વારા "નલ સે જલ"યોજનામાં ૧૧૦ કરોડ જેટલી રકમ ખર્ચ કર્યો હોવા છતાં એક ટીપું પાણી "નલ સે જલ"યોજનામાં મળતું નથી. આમ, સરકારની યોજના દ્વારા મોટા પ્રમાણમાં નાણાંનો વ્યય થતો જોવા મળે છે. તાલુકામાં અગાઉ પણ "નલ સે જલ"યોજનાની તપાસો થયેલ હતી પરંતુ અધિકારીઓનું પેટનું પાણીની ગંભીર સમસ્યાઓ ઉભી થવાની હોય શહેરા તાલુકાના અલગ-અલગ ગામો માંથી મહિલાઓ ગોધરા જીલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચી હતી અને આવેદન આપીને શહેરા તાલુકામાં "નલ સે જલ"યોજનામાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ થાય અને સરકાર દ્વારા પીવાનું પાણી મળી રહે તેવી માંગ સાથે આવેદન સ્વરૂપમાં માંગણી કરી છે.

# એક પત્ની હોવા છતાં બીજું લગ્ન કરનાર પોલીસ કોન્સ્ટેબલને બીજી પત્નીને માસિક રૂપિયા પંદર હજાર ભરણ પોષણ અને રૂપિયા ૨૫,૦૦૦ વળતર આપવાનો હુકમ કરતી અદાલત

ગોધરા,

પોતે પોલીસ ખાતામાં સરકારી નોકરી કરતો હોવા છતાં પહેલી પત્નીથી છુટા છેડા કર્યા વગર ખોટી હકીકતો જણાવી ને બીજું લગ્ન કર્યા બાદ પહેલી પત્ની પાછી આવી જતા બીજી પત્નીને માનસિક શારીરિક ત્રાસ ગુજારીને ઘર માંથી કાઢી મુકનાર પોલીસ કોન્સ્ટેબલને બીજી પત્નીને દર મહીને પંદર હજાર રૂપિયા ભરણ પોષણ ચૂકવવાનો ગોધરાની અદાલતે હુકમ કરતા પોલીસ બેડામાં ચર્ચા નો વિષય થયેલ છે.

વિગતવાર મળેલી માહિતી મુજબ ફરિયાદી રેખાબેન શાંતિલાલ પરમાર રહેવાસી વિજય નગર સોસાયટી .સાપા રોડ ગોધરા વિધવા થઈ ગયેલ હોવાથી પિતાના ઘરમાં રહેતી હતી, તે દરમ્યાન હાલમાં પાલનપુર મુકામે પોલીસ કોન્સ્ટેબલ તરીકેની નોકરી કરનાર સામાવાળા જસવંત ભુલાભાઈ પરમાર મૂળ રહેવાસી-પોયડા, તાલુકો શહેરાની સાથે સમાજના વડીલો દ્વારા બીજા લગ્નની વાતચીત થયેલી ત્યારે જસવંત ભાઈએ રેખાબેન અને તેના પિતાને એવી હકીકત જણાવેલી કે તેના તેની પહેલી પત્ની જશોદાબેન સાથે કાયદેસરના છુટા છેડા થઇ ગયેલ છે અને તે રેખા સાથે બીજા લગ્ન કરવા માંગે છે. તે પોલીસ ખાતામાં હોવાથી સારૂં કમાય છે અને તે રેખાબેનને અને તેની પ્રથમ લગ્ન થી થયેલ દીકરી જાન્વીબેન ને પણ સારી રીતે રાખશે. તેથી સારા ભવિષ્યના સપનાઓ લઈને જસવંતભાઈ પર વિશ્વાસ અને ભરોશો કરીને રેખાબેનના તારીખ ૧૯.૭.૨૧ ના રોજ હોશાપુર તા. શહેરા મુકામે જસવંતભાઈ સાથે ફૂલ હાર કરીને પુનઃ લગ્ન કરવામાં આવેલ અને ત્યારથી રેખાબેન જસવંતની કાયદેસરની પત્ની તરીકે તેની સાથે રહેવા પાલનપુર મુકામે દીકરી જાનવીને લઈને પોતાનું લગ્ન સંસાર સરૂ કરેલ. પરંતુ લગ્ન કર્યા બાદ જસવંત તેને દહેજની માંગણીઓ કરીને માનસિક શારીરિક ત્રાસ ગુજારતો હતો અને નોકરાણીની જેમ રાખતો હતો. ગઈ તારીખ ૧૮.૧૦.૨૨ નારોજ જશવંત રેખાબેન ને ગોધરા મુકામે તેની બહેન વર્ષા ને ઘરે લઈને આવેલ અને એક છુટાછેડા ના લખાણ વાળા કાગડો બતાવીને કહેલ કે તું મને ગમતી નથી, મને મારી પહેલાવાળી પત્ની જશોદા સાથે ફરીથી લગ્ન કરવા છે. તું આ છુટા છેડાના કાગડો પર સહી કરી આપ અને અહીંથી જતી રહે. પરંતુ રેખાબેને છુટા છેડાના કાગળો પર સહી કરવાથી ઈનકાર કરતા સામાવાળા જસવંત અને તેના ઘરના સભ્યોએ તેને મારઝુડ કરેલી અને ધક્કા મારીને તેનું તમામ સરસામાન લઈને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ છે. ત્યારથી રેખાબેન પોતાની દીકરી સાથે પિયરમાં રહે છે. તેથી રેખાબેને ગોધરા કોર્ટમાં પતિની સામે ઘરેલું હિંસા થી સ્ત્રીઓનું રક્ષણ કાયદા મુજબ ન્યાય મેળવવા કેસ કરતા જશવંતે કોર્ટમાં જણાવેલ કે તેના લગ્ન જશોદાબેન સાથે થયેલ છે. રેખા તેની કાયદેસરની પત્ની નથી, પરંતુ અદાલતમાં રજુ થયેલ પુરાવાઓ અને અરજદાર રેખાબેનના એડવોકેટ અશોક એ સામતાણીની દલીલોથી કોર્ટમાં સાબિત થયેલ છે કે જશવંતભાઈ પોલીસ કોન્સ્ટેબલ અને સરકારી કરમ્ચારી હોવા છતાં તેણે પ્રથમ પત્ની હયાત હોવા છતાં રેખાબેન સાથે બીજું લગ્ન કરીને પોતાની પત્ની તરીકે એક વર્ષ પાલનપુર મુકામે રાખેલ છે અને રેખાબેન પર ઘરેલું હિંસા કરેલ છે. તેથી ગોધરાના બીજા ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ જજ પૂજનકુમારી લક્ષ્મણ દાસ એ અરજદાર એ અરજી દાખલ કરી તે તારીખથી દર મહીને રૂપિયા પંદર હજાર ભરણ પોષણની રકમ તરીકે રેખાબેનને ચૂકવી આપવા જશવંત ભુલાભાઈ પરમારને હુકમ કરેલ છે તથા માનસિક શારીરિક ત્રાસના વળતર તરીકે વધુ રૂપિયા ૨૫,૦૦૦ પણ ચૂકવવાનું હૂકમ કરેલ છે. પોતે સરકારી કર્મચારી હોવા છતાં પ્રથમ પત્ની જસોદા સાથે છુટા છેડા લીધા વગર બીજી પત્ની લાવનાર પોલીસ કોન્સ્ટેબલ સામે અદાલતે લાલ આંખ કરતા પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બનેલ છે.

# હાલોલના રામેશરા નર્મદા કેનાલ યુવાનના હત્યા કરેલ મળી આવેલ મૃતદેહના હત્યાના ગુનામાં ત્રણ આરોપીને ઝડપ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના રામેશરા ગામે નર્મદા કેનાલમાં મીણીયા થેલા માંથી મળી આવેલ યુવાનની હત્યાના ગુનાની હાલોલ રૂરલ પોલીસ દ્વારા બાતમીદારો રોકી આરોપી ઈસમોને શોધી કાઢવામાં આવ્યા હતા. આરોપી સાથે બોલાચાલી ઝગડો થયો હતો. જેમાં આરોપીએ હાથમાં પહેરેલ કડું માથાના ભાગે મારી હત્યા કરી હતી અને આરોપીએ પહેરેલ કડુ ફેંકી દઈ ગુનો આચરેલ હોવાની કબુલાત કરી.

હાલોલ તાલુકાના રામેશરા ગામે નર્મદા કેનાલ માંથી મીણીયા થેલામાં ભરીને ફેંકી દેવામાં આવેલ જાંબુધોડા તાલુકાના ડુમા ગામ સુરેશભાઈ રમણભાઈ બારીયાનો મૃતદેહ મળી આવ્યો હતો. યુવાનની હત્યા થયેલ હોય જેથી હાલોલ રૂરલ પોલસે ગુનો નોંધી હત્યાઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસ તપાસ દરમિયાન બાતમીદાર દ્વારા માહિતી મળેલે હોય બાતમીના આધારે આરોપી કિશન પ્રભાતભાઈ નાયક (રહે. ડુમા વચલી ફળીયું, જાંબુધોડા)ને ઝડપ્યો હતો અને પુછપરછ દરમિયાન કિશન નાયક ડુમા ગામની પરણિત મહિલાને મારી સાથે બોલવું છે તેમ પુછેલું હતું. આ બાબતે મરણજનાર સુરેશ રમણભાઈ બારીયા અને આરોપી કિશન સાથે બોલાચાલી ઝગડો કરેલ હતો. આ વખતે કિશન નાયકે હાથમાં પહેરેલ કડું સુરેશ બારીયાના માથામામાં મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું. તેના મિત્ર ગણપતભાઈ વેચાતભાઈ તડવી તથા આનંદભાઈ વરસનભાઈ નાયકની મદદથી મૃતદેહને મીણીયા થેલામાં ભરીને બાઈક મારફતે નર્મદા કેનાલમાં નાખી દીધેલ હતો. આરોપી કિશન નાયક ગુના સમયે પહેરેલ કપડા સળગાવી દઈ તેમજ હાથમાં પહેરેલ કડુ ફેંકી દઈ પુરાવાનો નાશ કર્યો હતો. આરોપીની કબુલાતને પગલે યુવાનની હત્યાના ગુનામાં ત્રણ આરોપીઓને ઝડપી પાડી રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરવા(હ)ના સંતરોડ ગામે દુકાનદારે ફાટેલી નોટો લેવાની ના પાડતા આરોપી ઈસમો દુકાનદાર અને પરિવારને મારમારતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સંતરોડ ગામે સાલીયા જુની પોસ્ટ બજાર રેલ્વે સ્ટેશન સામે આવેલ પાનના ગલ્લા ઉપર ૧૦ની ફાટેલી નોટ લઈ સોડા લેવા માટે આવ્યો હતો. ત્યારબાદ આરોપીએ તેના ચાર સાગરીતો બોલાવી દુકાનદારને તેની માતા અને ભાઈ ઉપર હુમલો કરતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના સંતરોડ ગામ સાલીયા જુની પોસ્ટ બજાર રેલ્વે સ્ટેશન સામે આવેલ પાનના ગલ્લા ઉપર ૧૦ રૂપીયાની ફાટેલી નોટ લઈને આરોપી રાજકુમાર સોડા લેવા માટે આવ્યો હતો. દુકાનદાર રાકેશ મુલચંદાણીએ ફાટેલી નોટ સ્વીકારવા ના પાડી હતી અને બીજી નોટ માંગી હતી. આ વાતે આરોપી રાજકુમાર ઉશ્કેરાઈ ગયો હતો. સોડાની બોટલ તોડી પીવા લાગ્યો હતો. ત્યારબાદ જયેશ સુરાણીયા સહિત અન્ય ચાર ઈસમોને બોલાવ્યા હતા. તમામ આરોપી ઈસમો દુકાનનું કાઉન્ટર કુદી દુકાનમાં પ્રવેશ કરી દુકાનદાર તેમની માતા અને ભાઈ ઉપર હુમલો કરી ઈજાઓ પહોંચાડતા દવા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે લલિત બલદાણીયાનો મોટીવેશનલ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

જુનિયર ચેમ્બર ઓફ ઈન્ડિયા ઈન્ટરનેશનલ- જેસીઆઈ દ્વારા સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસના ઉપક્રમે મોટીવેશનલ સ્પીકર લલિત બલદાણીયા નો શાનદાર કાર્યક્રમ યોજાઈ ગયો જેનો કોલેજના ૧૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓ અને તમામ અધ્યાપકોએ લાભ લીધો હતો. ઈફેક્ટિવ ઈન પબ્લિક સ્પીકિંગ- ટીપીએસ ના આ કાર્યક્રમ અંતર્ગત લલિત બલદાણીયા એ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પોતાની શાનદાર અને જાનદાર વાણી દ્વારા વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જાહેર કાર્યક્રમમાં કેવી રીતે બોલવું..? શું બોલવું..? કેવું બોલવું...? તે અંગેની તમામ બાબતો ખૂબ બારીકાઈથી તેમને સમજાવી હતી .પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. અરૂણસિંહ સોલંકીએ ઉપસ્થિત તમામ મહાનુભાવોનું ઉમળકાભેર પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું .ત્યારબાદ જેસીઆઇ ગોધરા ચેપ્ટરના પ્રમુખ પ્રિતેશ પ્રજાપતિએ કાર્યક્રમની રૂપરેખા આપી કોમર્સ કોલેજ ગોધરા ના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. જેસીઆઇ નેશનલ કોર્ડીનેટર વિજયભાઈ પરમાર દ્વારા ત્યારબાદ વિદ્યાર્થીઓને ઘણી માહિતી પૂરી પાડી હતી અને વિદ્યાર્થીઓના વિકાસમાં જ્યારે જ્યારે જરૂર પડશે ત્યારે જેસીઆઈ હંમેશા તૈયાર રહેશે તેમ જણાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સમગ્ર કાર્યક્રમનું શાનદાર અને સફળ સંચાલન કોલેજના ડો. ઉન્નતિબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આભાર વિધિ ડો. પાયલબેન વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. એનએસએસના લીડર ભવ્ય દેવડા, કુ. સંજના વાઘેલા, કુ. હર્ષિતા ચતવાણી સહિત તમામ ટીમે નોંધપાત્ર કામગીરી કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## કાલોલ શહેર સ્થિત મોહંમદી મસ્જીદ સંચાલિત મોહંમદી મદ્રાસાનો જશ્ને દસ્તારે હિફજનો જલ્સો યોજાયો



કાલોલ,

મુસ્લિમ સમાજના બાળકો દુનિયાના શિક્ષણ અને જનરલ નોલેજની સાથો સાથ બાળપણથી જ ઈસ્લામિક જનરલ નોલેજ થકી પોતાના ધર્મની શ્રેષ્ઠ વાતોથી વાકેફ થાય અને પોતાના ઈસ્લામિક નોલેજ વડે દિન અને દુનિયામાં શિક્ષણનો અને પોતાના સંસ્કારોનો પાયો મજબૂત કરે તેવા આશય સાથે ગતરોજ મોડી રાત્રે કાલોલ મુસ્લિમ ઉલમાએ કીરામ અને મુસ્લીમ સમાજના અગ્રણીઓ દ્વારા કાલોલ શહેર મધ્યે આવેલી મોહંમદી મસ્જીદ સંચાલિત મદ્રાસા દ્વારા આયોજીત દર વર્ષની જેમ આ વર્ષે પણ મદ્રસાના સામેના મેદાનમાં વાર્ષિક જશ્ને દસ્તારે હિફજ પદવી સમારોહ સાથે મદ્રસાના બાળકો માટે વાર્ષિક જલસાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બાળકો આ જલ્સામા જોળાયા હતા અને ખુબ સુંદર ધાર્મિક પઠન કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. જ્યાં સ્ટેટ ઉપર બિરાજમાન મુકરિરે શીરી બયાન ખલીફા એ હઝરત મોલાના કમરૂઝઝમા ઈલાહબાદી હઝરત મૌલાના સિરાજ ભાદી સાહેબના હસ્તે કાલોલ શહેરના ચાર હાફીઝો અને ત્રણ હાફીઝાઓને સનદ આપવામાં આવી હતી અને જલસામાં ભાગ લઈ ધાર્મિક પઠન કરનાર બાળકોને પ્રોત્સાહિત કરવા રોક્કડ ઈનામો અને દુવાથી નવાઝવામાં આવ્યાં હતા. આ પ્રસંગે જલસામાં ઉપસ્થિત ઉલમાએ કીરામ, મસ્જીદોના ઈમામ સહિત ગામના મહાનુભાવોનું સાથે મોટીસંખ્યામાં સમાજના લોકો અને પરદાનશીન મા બહેનનો હાજર રહ્યા હતા

# નાણામંત્રી કનુ દેસાઈએ સતત ચોથી વખત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટ રજૂ કર્યું, ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું બજેટ જાહેર

## બજેટમાં "ઘરનું ઘર" સ્વપ્નને પરિપૂર્ણ કરવા ગરીબો માટે ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન છે



ગાંધીનગર,

નાણામંત્રી કનુ દેસાઈએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટ રજૂ કર્યું. સતત ચોથી વખત કનુ દેસાઈએ બજેટ રજૂ કર્યું. ગુજરાતનું ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું બજેટ જાહેર કરાયું છે. આ બજેટમાં મહિલાઓ માટે મોટી જાહેરાત કરાઈ છે. જેમાં મહિલાઓની આત્મનિર્ભરતા માટે 'સખી સાહસ' યોજના અમલમાં મૂકાઈ. સાથે જ નોકરી માટે ઘરેથી દૂર રહેતી મહિલાઓ માટે વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવાશે. તો ગુજરાતની ૬ એન્જિનિયરીંગ કોલેજમાં એઆઈ લેબની સ્થાપના કરાશે. આ ઉપરાંત આદિજાતિના સર્વાંગ વિકાસ માટે ન્યૂ ગુજરાત પેટર્ન યોજનાની જાહેરાત કરાઈ.એસસી,એસટી અને ઓબીસી વર્ગના યુવાનોમાં સ્વરોજગારી વધારવાની તક માટે લોન પર વ્યાજ સહાય અપાશે.

નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત ૩૦,૩૨૫ કરોડની જોગવાઈ. શહેરી વિકાસ વિભાગના બજેટમાં ૪૦ ટકાનો માતબર વધારો કરાયો. ગુજરાતની ૬૯ નગરપાલિકાઓને અપગ્રેડ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે વડીલો પાછી મિલકતમાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતા હક કવિના લેખ ઉપર પ્રવર્તમાન ૪.૯૦ સ્ટેમ્પ ડ્યુટી ના બદલે પુત્રના વારસદારોની જેમ જ ૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. એક કરોડની રકમ માટે ઉપર ૦.૨૫% લેખે મહત્તમ ૨૫,૦૦૦ ની સ્ટેન્ડ ડ્યુટી ભરપાઈ કરવાની થાય છે તેમાં ઘટાડો કરીને હવે ૫૦૦૦ રૂપિયા સ્ટેન્ડ ડ્યુટી ભરવાની થશે.

તેમણે કહ્યું કે ઈલેક્ટ્રીક વાહનો ઉપર હાલ છ ટકા સુધી ઉચ્ચક વાહનવેરો અમલમાં છે તે સંપૂર્ણપણે ઈલેક્ટ્રીક બેટરીથી ચાલતા વાહનો પર એક વરસ માટે પાંચ ટકા રીપીટ આપવામાં અસરકારક ૧% લેખે નો વેરો રાખવાનો નિર્ણય લીધો છે. ૬ ટકાનો વેરો છે એમાં ૫% ની રિબેટ આપીને એક ટકો જ વેરો લેવાશે. એક વર્ષ કરતા ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના લેખ પર વાર્ષિક સરેરાશ એક ટકા સ્ટેમ્પ ડ્યુટી ભરવાની જોગવાઈ છે. તેની સ્થાને માટે રૂપિયા ૫૦૦ તથા વાણિજ્ય માટે રૂપિયા ૧૦૦૦ની સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવશે મેક્સી કેટેગરીમાં પેસેન્જર પરીક્ષા મુજબ આઠ ટકા અને ૧૨% ના બદલે હવે માત્ર છ ટકા રાખવામાં આવ્યો

મહિલાઓની આત્મનિર્ભરતા માટે હું નવી "સખી સાહસ" યોજનાની જાહેરાત કરું છું. જેમાં મહિલાઓને સાધન સહાય, લોન ગેરંટી તથા તાલીમ આપવા ૧૦૦ કરોડની જોગવાઈ કરું છું. આપણી જે બહેનોને નોકરી માટે પોતાના ઘરથી દૂર રહેવાની જરૂર પડે છે. તેના માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરમાં સુવિધાજનક વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાનું આયોજન છે. કેન્સરના દર્દીઓ માટે વલસાડ ગોધરા હિંમતનગર અને પોરબંદર ખાતે સુવિધા ઉભી કરવામાં આવશે. આ માટે ૧૯૮ કરોડની જોગવાઈ કરાઈ. કેન્સરના દર્દીઓને ગુજરાત પોષણ મેસેજ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ સુધી આવું ન પડે તેવી વ્યવસ્થા ઉભી કરાશે

પ્રધાનમંત્રી આવાસ યોજના અને ગ્રામીણ વિસ્તાર માં આવાસ યોજના માં સરકારી પ્લોટ નહીં ઉપલબ્ધ હોય તો પ્લોટ ખરીદી કરવા રૂપિયા ૧ લાખ ની સહાય ની જાહેરાતઅમદાવાદથી ડાકોર, સુરતથી સચિન નવસારી, વડોદરાથી એકતા નગર, રાજકોટથી ભાવનગર, મહેસાણાથી પાલનપુર અને અંકલેશ્વરથી રાજપીપળા હાઈસ્પીડ કોરિડોર બનાવવામાં આવશે. જેના માટે રૂપિયા ૨૭૮ કરોડની જોગવાઈ કરાઈઅમદાવાદથી ગાંધીનગર અને ગિફ્ટ સિટી ને રીવરફ્રન્ટ બીજા ફેઝ બાદ બાકીના ફેઝ-૩ નું કામ આગામી ૩ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. આ રીવરફ્રન્ટ માટે રૂપિયા ૩૫૦ કરોડની જાહેરાતઅમદાવાદ મેડિસિટી તર્જ પર અન્ય શહેરો માં વિવિધ સરકારી હોસ્પિટલ વિકસાવવામાં આવશે. વિવિધ શહેરો માટે રૂપિયા ૨૩૧ કરોડ ની ફાળવણી સમગ્ર રાજ્યમાં ભૂકંપની પ્રારંભિક ચેતવણી પ્રણાલીના વિકાસ માટે ૧૦ કરોડની જોગવાઈ.૪ ઝોનમાં આઈ-હબની સ્થાપના કરવામાં આવશે.એલડી એન્જિનિયરિંગ સહિત ૬ સંસ્થાઓમાં એઆઈ લેબ સ્થપાશે મત્સ્ય ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારનો મોટો નિર્ણય. ખેતીની જમીન પર મત્સ્ય ઉદ્યોગ માટે બિનખેતીની મંજૂરી લેવી નહીં પડે

ગરીબ અને વંચિતોના વિકાસ માટે સરકાર આવાસ, અન્નસુરક્ષા, પોષણ વગેરેને અગ્રિમતા આપે છે. આ બજેટમાં "ઘરનું ઘર" સ્વપ્નને પરિપૂર્ણ કરવા ગરીબો માટે ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓમાં હાલની ૧ લાખ ૨૦ હજારની સહાયમાં મકાનદીઠ ૫૦ હજારના માતબર વધારા સાથે ૧ લાખ ૭૦ હજાર કરવાની જાહેરાત કરું છું.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત રાજ્યના અંદાજે ૭૫ લાખ કુટુંબોને અનાજ વિનામૂલ્યે પૂરું પાડવાનું ભગીરથ કાર્ય અમારી સરકાર કરી રહી છે. વધુમાં ગરીબ લોકોની અન્નસુરક્ષા માટે રાહતદરે તેલ, કઠોળ, ખાંડ અને અન્ય આવશ્યક ખાદ્ય સામગ્રીનું વિતરણ પણ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓને પૌષ્ટિક, આરોગ્યપ્રદ અને સ્વાદિષ્ટ ભોજન આપવા ૭૨ તાલુકાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી "સેન્ટ્રલાઈઝડ કીચન" વ્યવસ્થા ઊભી કરવા ૫૫૧ કરોડની જોગવાઈ સૂચવું છું.નાણાંમંત્રીએ કહ્યું હતું કે

આ વર્ષે આપણે આદિવાસી સમાજના ભગવાન શ્રી બિરસા મુંડાજીની જન્મ જયંતિના ૧૫૦મા વર્ષને "જનજાતિય ગૌરવ વર્ષ" તરીકે ઊજવી રહ્યાં છીએ. આ ખાસ સંદર્ભમાં આદિજાતિના સર્વાંગી વિકાસ માટે ન્યૂ ગુજરાત પેટર્ન યોજના માટે ૩૭.૫% ના વધારા સાથે ૧૧૦૦ કરોડની ફાળવણી સૂચવું છું. જેનાથી આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ, રોજગાર અને માળખાકીય સુવિધાઓના નિર્માણને વધુ વેગ મળશે.

રાજ્ય સરકારે ગત બજેટમાં જાહેર કરેલ નવ મહાનગરપાલિકાની રચનાને વિધિવત સ્વરૂપ આપેલ છે. જેના વિકાસને વેગ આપવા માટે ૨૩૦૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. વધુમાં હાલની નગરપાલિકાઓને અપગ્રેડ કરવાનું તથા નવી નગરપાલિકા બનાવવાનું આયોજન છે. રાજ્યની ૬૯ જેટલી નગરપાલિકાઓના વર્ગમાં ફેરફાર કરવામાં આવશે. જેમાં જિલ્લા મથકની ખંભાળીયા, લુણાવાડા, મોડાસા, વ્યારા, છોટા ઉદેપુર, દાહોદ તથા રાજપીપળાને અપગ્રેડ કરવામાં આવશે. તેમજ દ્વારકા, પાલીતાણા, ચોટીલા તથા ડાકોર જેવા ધાર્મિક સ્થળોની નગરપાલિકાઓનો પણ સમાવેશ થાય છે. વડનગરના ૨૫૦૦ વર્ષ જેટલા પૌરાણિક અને ઐતિહાસિક સાંસ્કૃતિક વારસા તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પરનાં સ્થાનને ધ્યાને લઈ તેને "અ" વર્ગમાં અપગ્રેડ કરવામાં આવશે.

અમદાવાદ-ગાંધીનગર અને સુરત મેટ્રો વિસ્તરણનું કામ આગળ વધી રહેલ છે. અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨નું કામ ડીસેમ્બર-૨૦૨૫માં પૂર્ણ થશે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટના ૫૫% કામ પૂર્ણ થયેલ છે. નાગરિકોને રેલ આધારિત ઝડપી, વિશ્વસનીય અને આધુનિક જાહેર પરિવહનની સેવાનો લાભ મળે તે માટે આગામી નાણાકીય વર્ષમાં ૨૭૩૦ કરોડની જોગવાઈ સૂચવું છું. જાહેર પરિવહનમાં નાગરિકોની સલામતી અને સગવડતા ધ્યાને લઈ ૨૦૬૦ નવી બસો પ્રજાની સેવામાં મૂકવાનું આયોજન છે. જે માટે ૧૧૨૮ કરોડની જોગવાઈ સૂચવું છું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.154